ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૩૧/૧૮-૧૯/2833 તારીખ: 26 JUN 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી બચુભાઈ દાનાભાઈ મામેરિયા,
ખોડીયારનગર,
મુ.લાઠી,તા.લાઠી,
જી.અમરેલી.

**કેસ નં.: ૩૧/૧૮-૧૯**

**વિષય:** નવા ખેતીવાડી કનેકશનના બાબત.

**સંદર્ભ:** (૧) આપનો પત્ર તા.૦૮.૦૫.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૧/૧૮-૧૯/૨૧૪૮ તા.૧૪/૦૫/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૧૮-૧૯/૨૪૯૯ તા.૦૬/૦૬/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૫/૦૬/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી-૧.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, લાઠી.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૩૧/૧૮–૧૯**

વાદી :– શ્રી બચુભાઈ દાનાભાઈ મામેરિયા

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખઃ– ૧૫/૦૬/૨૦૧૮**

હાજર રહયા :– શ્રી બચુભાઈ દાનાભાઈ મામેરિયા(વાદીશ્રી પોતે)

પ્રતિવાદી :– શ્રી કે.આર.પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૧.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી બચુભાઈ દાનાભાઈ મામેરિયા, મુ.તા.લાઠી, જી.અમરેલી ની નવા ખેતીવાડી કનેકશનના બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૧ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૩૧/ ૧૮–૧૯/ ૨૪૯૮ તા.૦૬/૦૬/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૫/૦૬/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી શ્રી બચુભાઈ દાનાભાઈ મામેરિયા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી કે.આર.પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૧ ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર શ્રી બેચરભાઈ દાનાભાઈ ના માતુશ્રી લાભુબેન દાનાભાઈ મામેરીયા ગામઃલાઠી તા.લાઠી, જી.અમરેલી, ખેતીવિષયક જમીન સર્વે નં.૬૬૭/૨૪ પૈકી ૧ ( અરજી નાં સમયે) મોજે લાઠી થી ખેતીની જમીન ધારણ કરેલ છે.

૧.૨ સદરહુ જમીનમાં ખેતીવિષયક વીજ જોડાણ માટે અમોએ માગણી તા.૦૪–૦૭–૨૦૦૮ ના રોજ જરૂરી ફી ભરપાઈ કરી નોંધાવેલ.

૧.૩ ક્રમાનુસાર વારો આવતા પીજીવીસીએલ ધ્વારા અમોને એવું જણાવવામાં આવેલ કે તમારે આ સર્વે નંબરમાં એક કનેકશન છે તો બીજુ મળી શકે નહિ.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

૧.૪ આથી અમારી માગણી છે કે હાલમાં આ સર્વે નંબર વાળી જમીનમાં હું એટલે કે બેચરભાઈ દાનાભાઈ મામેરીયા સંયુક્ત ખાતેદાર છું અને મારી અન્ય જગ્યાએ લાઠી ગામમાં જ સર્વે નં.૬૬૭/૨૪ પૈકી૧/પૈકી ૨ થી જમીન આવેલ છે તથા આ સંદર્ભે અમને અંતિમ નોટીસ તા.૧૯–૦૧–૧૬ ના રોજ અપાયેલ છે. જયારે સંયુક્ત ખાતેદારની એન્ટ્રી તા.૧૬–૦૧–૧૬ ના રોજ એટલે કે કનેકશન જમા કરવાની અંતિમ નોટીસ પહેલા થઈ ગયેલ છે. આમ, એક સામાન્ય ખેડુત ની આ અરજને ધ્યાને રાખી સદર કનેકશન મળી શકે તેવી જરુરી કાર્યવાહી કરવા સુચના આપવા નમ્ર અરજ છે.

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ અરજદાર શ્રી બેચરભાઈ દાનાભાઈ મામેરીયા ના માતુશ્રી લાભુબેન દાનાભાઈ મામેરીયા ગામઃલાઠી તા.લાઠી, જી.અમરેલી ખેતીવિષયક જમીન સર્વે નં.૬૬૭/૨૪ પૈકી ૧ ( અરજીના સમયે) મોજે લાઠીથી ખેતીની જમીન ધારણ કરેલ છે. જે સત્ય છે.

૨.૨ સદરહુ ખેતીવિષયક જમીનમાં અરજદાર ધ્વારા જરુરી દસ્તાવેજો સાથે નોંધણી ફી રૂા.૨૦૦/– રસીદ નં.એચપી ૮૩૫૩૧૬ તા.૦૪–૦૭–૨૦૦૮ થી ભરપાઈ કરેલ છે જેનો જી.પી.નં.૩૪૪૮ છે.

૨.૩ ક્રમાનુસાર વારો આવતા પીજીવીસીએલ પેટા વિભાગ લાઠી ધ્વારા સર્વેક્ષણ કરતા સદરહુ જમીનમાં એક વીજ જોડાણ હયાત હોય અરજદારને પેટા વિભાગ લાઠી ધ્વારા તા.૧૪–૧૨–૨૦૧૫, ૦૮–૦૧–૨૦૧૬ અને ૧૯–૦૧–૨૦૧૬ ના રોજ રજી.એ.ડી. થી નોટીસ પાઠવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે જેમાં ટપાલ સ્વીકારનાર ક્રમાનુસાર શ્રી એમ.ડી.મામેરીયા તથા શ્રી કે.ડી.મામેરીયા ની સહી જોવા મળે છે. આમ ઉપરોક્ત બાબતથી સ્પષ્ટ છે કે અરજદારને નોટીસ (ગુજરાતીમાં) મળેલ છે.

૨.૪ વધુમાં જણાવવાનું કે અરજદાર ધ્વારા રજુ કરેલ હકક પત્રક ૬ માં નોંધ ૫૮૧૫ તા.૧૬–૦૧–૨૦૧૬ ના રોજ કાચી નોંધથી જમીન સર્વે નં.૬૬૭/૨૪ પૈકી ૧ હયાતીમાં હકક દાખલ કરેલ છે પરંતુ ભાગ પાડવામાં આવેલ નથી આમ એક જ સર્વે નં હયાત વીજ જોડાણનો મુદો દુર થતો નથી તેમ જે તે વખતે અરજદારને સદર હકીકત સમજાવેલ.

૨.૫ હકીકત એ છે કે તા.૦૫–૦૫–૨૦૧૬ ના રોજ નોંધ નં.૫૯૧૨ થી તમામ હિસ્સેદાર ના ભાગ પાડવામાં આવેલ છે, તથા પરંતુ અંતીમ નોટીસ બાદ તા.૨૨–૦૧–૨૦૧૮ આટલા લાંબા ગાળા સુધી અરજદાર ધ્વારા સદર કનેકશન અંગે કોઈ રજુઆત કરેલ નથી. આમ સદર કનેકશન અંગેની અરજી રદ થઈ ગયેલ હોઈ, આમ સદરહુ કિસ્સામાં વીજ જોડાણ આપવા અંગે કાર્યવાહી થઈ શકે નહિ. જે નિયમાનુસાર યોગ્ય છે.

☛ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર બેચરભાઈ દાનાભાઈ મામેરીયાએ તેમના માતુશ્રી લાભુબેન દાનાભાઈ મામેરીયા ના નામે ગામ લાઠીમાં સ.નં.૬૬૭/૨૪/૧ માં ખેતીવાડી વીજ જોડાણ માટે તા.૪–૭–૦૮ ના રોજ અરજી કરેલ.

૩.૨ પ્રતિવાદી ધ્વારા વાદીએ માંગેલ વીજ જોડાણ નાં સ.નં. માં સર્વે કરતા સ.નં.૬૬૭/૨૪/૧ માં ખેતીવાડી જોડાણ હયાત હોવાથી પ્રતિવાદીએ તા.૧૪–૧૨–૧૫, ૮–૧–૧૬ અને ૧૯–૧–૧૬ ના રોજ વાદીને માંગણી કરેલ સર્વે નંબરમાં વીજ જોડાણ ધરાવતા હોવાથી, વીજ જોડાણ મળી શકે તે બાબતની નોટીસ ધ્વારા જાણ કરેલ.

Consumer Grievances Redressal Forum * F.G.V.C.L. Bhavnagar

..❸.. **કેસનં.૩૧ /૧૮–૧૯**

૩.૩ પ્રતિવાદી તરફથી વાદીને નોટીસ મળવાથી વાદીએ સ.નં.૬૬૭/૨૪/૧ નં ભાગ પાડવા માટે રેવન્યુ ખાતામાં જરુરી કાર્યવાહી શરુ કરેલ, જેની કાચી નોંધ નં.૫૯૧૨ તા.૦૫–૦૫–૨૦૧૬ થી રેવન્યુ દવારા પાડવામાં આવેલ અને સદરહુ નોંધ તા.૨૬–૦૭–૨૦૧૬ ના રોજ મંજુર કરવામાં આવેલ અને તે મુજબ સ.નં.૬૬૭/૨૪/૧ ના ભાગો પાડેલ છે.

૩.૪ ત્યારબાદ વાદીએ ૬૬૭/૨૪/૧ પૈકીમાંથી ભાગ પડતા સ.નં.૬૬૭/૨૪/૨/૧ બેચરભાઈ દાનાભાઈ નાં નામે થતાં તેઓએ તા.૨૩–૨–૨૦૧૮ ના રોજ રી રજીસ્ટ્રેશન ચાર્જ ભરી નામ ટ્રાન્સફર માટે પ્રતિવાદીની કચેરીમાં અરજી નોંધણી કરાવેલ, પરંતુ પ્રતિવાદી તરફથી કોઈ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નહી.

૩.૫ વાદીએ રી રજીસ્ટ્રેશન કરાવી નામ ટ્રાન્સફરની અરજી કરી સ.નં.૬૬૭/૨૪/૧/૨ માં જોડાણ માંગેલ છે જે બાબતે પ્રતિવાદીએ કાર્યવાહી કરવી અને અંદાજપત્ર આપવું.

**–:: હુકમ ::–**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " **તારણ નં.૩.૫ મુજબ પ્રતિવાદીએ નિયમ મુજબ કાર્યવાહી કરી વાદીને અંદાજપત્ર આપવું.**"
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| **(બી. જે. દવે)**<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | **(પી. એચ. માવાણી)**<br>**ટેકનીકલ સભ્યશ્રી** | **(એમ. આર.વજરીયા)**<br>**અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :–૧૫/૦૬/૨૦૧૮

Consumer Grievance Redressal Forum * F.G.V.C.L. Bhavnagar